# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ suratdeo@gmail.com

Fax no: - ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web:-www.suratdeo.org


જા.નં./મા-૬/૨૦૨૪/ ૫૬૪૭-૫૦ તા.૨૭/૦૫/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
પ્રાથમિક,માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ શાળાઓ તમામ, સુરત,
જિ. સુરત.

વિષય:- સ્કૂલ સેફટી પ્લાન તથા ફાયર સેફટીના ઉપકરણોની યોગ્યતા અને ઉપયોગિતાની ચકાસણી કરી લેવા બાબત.
સંદર્ભ :- સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે શાળા સલામતી વ્યવસ્થાના ભાગરૂપે સરકારશ્રી દ્વારા વિધાર્થીઓની સલામતીને ધ્યાને લઇ વખતોવખત શાળા કક્ષાએ સલામતી-પ્લાન તૈયાર કરવા તથા ફાયર સેફટીના યોગ્ય કાર્યક્ષમ સાધનો રાખવા તથા આકસ્મિક સ્થિતિમાં તેની ઉપયોગીતાથી વિધાર્થીઓ તથા શિક્ષકોને અવગત કરવા વિવિધ સૂચનાઓ તથા તાલીમો આપાયેલ છે.

ઉક્ત વિગતે જણાવવાનું કે હાલમાં ચાલી રહેલ ગરમીની મોસમમાં ઊંચા તાપમાન અને વીજ ઉપકરણોના વપરાશમાં બેકાળજીને કારણે ક્યારેક આગ લાગવાની શક્યતાઓ રહેતી હોય છે. આવા સમયે જો શાળાકક્ષાએ યોગ્ય શાળા-સલામતી પ્લાન અને ફાયર સેફટીના કાર્યક્ષમ સાધનો ઉપલબ્ધ હોય અને તેની ઉપયોગીતાથી તમામ શિક્ષકો અને વિધાર્થીઓ અવગત હોય તો આવા અકસ્માતોમાંથી સાલમતીપૂર્વક બહાર આવી શકાય છે. જે ધ્યાને લેતા તમામ શાળાઓ દ્વારા યોગ્ય શાળા-સલામતી પ્લાન (અકસ્માત સમયે ઈમરજન્સી એક્ઝીટ/એન્ટ્રી વગેરેની વિગતો સહીત) તૈયાર કરવા તથા ફાયર સેફટીને લગતા તમામ સાધનો કાર્યક્ષમ છે કે કેમ તેની શાળા શરુ થાય તે પૂર્વે જ ચકાસણી કરી લેવામાં આથી જણાવવામાં આવે છે. શાળા શરુ થયેથી એક સપ્તાહની અંદર જ આ તમામ સાધનોની ઉપયોગીતાથી વિધાર્થીઓ તથા શિક્ષકોને અવગત કરવાના રહેશે. ફાયર સેફટી અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિષે પ્રાર્થના સભામાં વિશેષ રજુઆતો દ્વારા જાગૃતિ અને સજ્જતા લાવવાની રહેશે તથા અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની તમામ શાળાઓએ **સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

Scanned with CamScanner

વધુમાં અત્રેની કચેરીના શિક્ષણ નિરીક્ષકશ્રીઓ તેમજ મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ દ્વારા નિયમિત તેમજ આકસ્મિક મુલાકાતો સમયે આ મુદ્દાની ખાસ ચકાસણી કરવામાં આવશે, જેની નોંધ લેશો. આ દરમ્યાન જો કોઈ બેદરકારી ધ્યાન પર આવશે તો નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. Fire safety first, prevent and protect.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

**<u>નકલ સવિનય રવાના</u>**

- માન.કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માન.કલેકટરશ્રી, કલેકટર કચેરી, સુરત

**<u>નકલ રવાના જાણ તથા અમલ સારુ</u>**

/ - શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, સદર કચેરી
/- મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, સદર કચેરી

Scanned with CamScanner